# ઓખીની અસરથી સાબરકાંઠા ટાઢુબોળ

## તલોદમાં ૬ અને હિંમતનગરમાં ૨ મીમી વરસાદ : વાતાવરણ બદલાતા ઠંડીનો ચમકારો શરૂ થયો

હિંમતનગર, તા. ૫

ઓખી વાવાઝોડાને કારણે સમગ્ર ગુજરાતમાં વાતાવરણમાં આવેલા પલ્ટાને કારણે અસરો વર્તાઈ રહી છે. ત્યારે મંગળવારે સાંબરકાંઠા જિલ્લામાં પડેલી ઠંડીથી જિલ્લાવાસીઓ ટાઢાબોળ બની ગયા હતા. જો કે હજુ પણ આ અસરો આગામી ૪૮ કલાક સુધી રહેવાની હવામાના ખાતાએ આગાહી કરી છે. જો કે મંગળવારે ઓખીની અસરોને લઈને તલોદ તાલુકામાં ૬ જ્યારે હિંમતનગર તાલુકામાં ૨ મીમી. વરસાદ પડ્યો હતો. વરસાદને કારણે હિંમતનગરના માર્કેટયાર્ડમાં ગ્રોફેડ દ્વારા ખેડૂતો પાસેથી ખરીદવામાં આવેલ મગફળી ભરેલા કોથળા પલળી જવા પામ્યા હતા. આ અંગે ડીઝાસ્ટર વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ સાબરકાંઠા જિલ્લામાં બે દિવસથી ઓખી નામના વાવાઝોડાને કારણે વાતાવરણમાં પલ્ટો આવ્યો છે જેની અસરોને લઈને દિવસ દરમ્યાન ક્યાંય સૂર્યના દર્શન થયા ન હોવાને કારણે જિલ્લાવાસીઓએ સુસ્તી અનુભવી હતી. મંગળવારે સવારના સુમારે હિંમતનગર સહિત પ્રાંતિજ, તલોદ, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના સહિતના અન્ય વિસ્તારોમાં ધુમ્મસ રૂપે વરસાદ પડ્યો હોવાને કારણે ઠંડીના પ્રમાણમાં વધારો થયો હતો.

વાવાઝોડાની અસરોને લઈને સાબરકાંઠા જિલ્લામાં મંગળવારે લઘુત્તમ તાપમાન ૧૬ ડીગ્રી જ્યારે ગુરૂત્તમ તાપમાન ૨૧ ડીગ્રી રહેવા પામ્યુ હતુ. વરસાદી માહોલ હોવાને કારણે જિલ્લાવાસીઓએ બહાર જવાનુ ટાળ્યુ હતુ. આખો દિવસ સતત વાદળછાયો રહ્યો હોવાને કારણે લોકોએ ઠંડીનો અહેસાસ કર્યો હતો. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી ૪૮ કલાક સુધી સાબરકાંઠા જિલ્લામાં ઓખીની અસરો ચાલુ રહેવાને કારણે ઠંડીમાં વધારો થઈ શકે છે. જેથી ખેતીવાડી વિભાગ દ્વારા ખેડૂતોને અપીલ કરવામાં આવી છે કે હાલ વરસાદી માહોલ હોવાને કારણે ખેડૂતોએ પાકની કાપણી બંધ રાખવી જોઈએ. તથા પશુઓ માટેના ઘાસચારાને રૂમમાં અથવા તો ગોડાઉનમાં ભરી દેવો જોઈએ. જો કે હિંમતનગર માર્કેટયાર્ડમાં ગ્રોફેડે ટેકાના ભાવે ખેડૂતો પાસેથી ખરીદ કરેલ અંદાજે ૨૦૦થી વધુ કોથળા વરસાદને કારણે પલળી ગયા હતા. જેથી આગામી દિવસોમાં આ પલળેલી મગફળીને સત્વરે પીલાણ માટે મીલોમાં મોકલી આપવાની તજવીજ હાથ ધરાઈ છે.



### કાંકરેજ તાલુકામાં વાતાવરણમાં પલ્ટો આવતા વરસાદના અમી છાંટણા

સમગ્ર ગુજરાતને હચમચાવી દેનાર વાવાઝોડા અને વાતાવરણથી બનાસકાંઠા જિલ્લાનો કાંકરેજ તાલુકો પણ બાકાત રહેવા પામ્યો નથી. ત્યારે તા. ૪/૫-૧૨-૨૦૧૭ના રોજ આકાશમાં કાળા ડિબાંગ વાદળો સાથે ધીમીગતીએ પવન સાથે ધીમીધારે વરસાદનું આગમન થતા મહા મહિનાનું માવઠુ ખેડૂતોની ખેતી ઉપર ભારે પડી શકે છે. તેમાં કોઈ બેમત નથી. જ્યારે થોડાજ મહિના પહેલા પૂરહોનારતમાં સપડાયેલ કાંકરેજના ખેડૂતો ઉપર પડ્યા ઉપર પાટુ કુદરતે માર્યુ હોય તેવુ વાતાવરણ થતા વરસાદી માહોલ સર્જાયો છે. આકોલી શિહોરી-થરા-કંબોઈ, ખારિયા, નેકોઈ, ટોટાણા સહિતના ગામોમાં જીરૂ, તમાકુ, કપાસ અને શાકભાજી જેવા મોઘા પાકોમાં માવઠાથી વ્યાપક પ્રમાણમાં નુકશાન થઈ શકે છે. એરંડામાં મોટાપાયે નુકશાન થવા પામ્યુ છે. આમ સતત બે દિવસથી સૂર્યદેવના દર્શન પણ દુર્લભ થવા પામ્યા છે અને લોકો ઘરોમાં બેસી ઠંડીના કારણે બિમારી પણ વધવાની શક્યતાઓ સેવાઈ રહી છે.

### હિંમતનગરની રાજબસેરા સોસાયટીમાં ચોરી

હિંમતનગરના કાંકણોલ રોડ પર આવેલ રાજબસેરા સોસાયટીના એક મકાનમાંથી રવિવારે રાત્રે અજાણ્યા શખ્સોએ કાંડા ઘડીયાળ, લેપટોપ તથા રોકડ મળી રૂ. ૨૪ હજારની મત્તાની ચોરી કરી ભાગી ગયા હતા. જે અંગેની ફરીયાદ સોમવારે હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી. રાજબસેરામાં ૨૭/એમાં રહેતા શૈલેષભાઈ ડાહ્યાભાઈ પટેલે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ રવિવારે રાત્રે અજાણ્યા શખ્સોએ તેમના બંધ મકાનના રસોડાના દરવાજેથી અંદર પ્રવેશી મકાનમાંથી રૂ. ૨૦ હજારનું લેપટોપ, રૂ. ૨૦૦૦ની કાંડા ઘડીયાળ તથા રૂ. ૨૦૦૦ રોકડ મળી રૂ. ૨૪ જારની મત્તાની ચોરી કરી ભાગી ગયા હતા.



### સરહદી વિસ્તારમાં ગામડાં ખુંદતા શંકરભાઈ

વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવારો એડીચોટીનું જોર લગાવીને પોતાનું પ્રચાર કાર્ય તેજ ગતીથી ચલાવી રહ્યા છે. ત્યારે સરહદી વાવ મતવિસ્તારમાં પણ શંકરભાઈ ચૌધરીનું પ્રચાર કાર્ય વેગવંતુ બન્યુ છે. ઉચ્ચત્તમ ટેકનોલોજી યુક્ત પ્રચાર રથમાં શંકરભાઈએ એક જ દિવસમાં ૨૧ ગામોનો પ્રવાસ કરીને પોતાની વિકાસયાત્રાને આગળ ધપાવીને ગામે ગામ પહોંચી રહ્યા છે. જ્યાં પ્રજાજનો દ્વારા તેમનું ઉમળકાભેર સ્વાગત કરીને આવકારીને વાવ વિસ્તારના વિકાસ બદલ આભારની લાગણી દર્શાવી રહ્યા છે. ગજરોજ તેમણે સરહદી વિસ્તારના ગંભીરપુરા, પ્રતાપપુરા, ઢેરીયાણા, ફાંગડી, રાબડીપાદર, હરીપુરા, ટડાવ, બાલુંત્રી, આકોલી, ટોભા, પાનેસડા, અરજણપુરા, કુંભરડી, તેજપુરા, દૈયપ, મીઠાવીરાણા, મીઠાવીચારણ, તખતપુરા, જોરડીયાળી, બરડવી અને ઉમેદપુરા ગામોનો પ્રવાસ કરીને પ્રજાજનોનો સંપર્ક કર્યો હતો. જ્યાં ગામે ગામ મંત્રીનું ઢોલ નગારાથી સ્વાગત કરીને ઉમળકાભેર વધાવવામાં આવ્યા હતા અને આગામી ૧૪મી ડિસેમ્બરે જંગી મતદાન કરીને ભારે બહુમતીથી વિજયી બનાવવા ખાતરી આપી હતી.

## મોડાસા સહિત અરવલ્લી જિલ્લામાં કમોસમી માવઠુ

મોડાસા તા.૫

અરવસલ્લી જિલ્લા સહીત મોડાસા શહેરમાં ઓખી વાવાઝોડાની વ્યાપક અસર હેઠળ હવામાનમાં એકાએક આવેલા પલટાથી મંગળવારે



દિવસભર કમોસમી વરસાદ ચાલુ રહેતા જનજીવન ખોરવાઈ ગયું હતું. સતત વરસતા ઝરમર વરસાદથી માગશર મહિનામાં અષાઢી માહોલ જોવા મળ્યો હતો અને દિવસભર વરસતા વરસાદને પગલે ૧૨ એમ.એમ. જેટલો વરસાદ નોંધાયો હતો. જિલ્લામાં વિધાનસભાની ચૂંટણીના ઉમેદવારોના પ્રચાર અને પ્રવાસ કાર્યક્રમોમાં પણ વરસાદી વિઘ્ન નડવા છતાં પ્રવાસ યથાવત ચાલુ રખાયા હતા. આ વરસાદે ખેતીને વ્યાપક નુકસાનની સંભાવનાઓ જોવાઈ રહી છે. મોડાસા શહેરમાં લોકો સ્વેટર અને છત્રી સાથે પસાર થતા ઠેર-ઠેર નજરે પડતા હતા.

અલબત્ત, કૃષિક્ષેત્રે વિવિધ પાકોને નુકસાન થશે તેમ માનવામાં આવી રહ્યું છે. જેમાં ખેતરોમાં ઉઘડી ગયેલ કપાસ સહિતના પાકોને મોટું નુકસાનની સંભાવનાથી કિસાનો ચિંતામાં મુકાયા છે. આજકાલ બટાકાની વાવણી પુરજોશમાં હોવાથી તેને પણ મોટું નુકસાન થવાની ભીતિ છે.

## મેઘરજ માર્કેટ યાર્ડમાં અડદ પલળી જતાં દોડધામ

ભારતના દરીયા કીનારાના વિસ્તારોમાં ઓખી વાવાઝોડુ પુરઝડપે આગળ વધી રહ્યુ હતુ ત્યારે અરવલ્લી જીલ્લામાં પણ



ઓખી વાવાઝોડાની માઠી અસર જોવા મળી રહી છે ત્યારે મેઘરજ તાલુકામાં સોમવારની મોડી રાતથી ઠંડા પવન સાથે ઝરમર ઝરમર કમોસમી વરસાદ વરસવાનો શરૂ થતાં મેઘરજ માર્કેટયાર્ડમાં જીલ્લા સંઘ ધ્વારા ટેકાના ભાવથી ખરીદેલ કઠોળ પલળી જતાં ભારે દોડધામ મચી હતી.

મેઘરજમાં મોડી રાતથી ચાલુ થયેલ વરસાદ સવારે પણ અવિરત ચાલુ રહ્યો હતો.આ કમોસમી વરસાદથી મેઘરજ માર્કેટ યાર્ડમાં જીલ્લા સંઘ ધ્વારા ટેકાના ભાવથી ખરીદ કરેલ અડદ વરસાદમાં પલળી જતાં ભારે નુકશાન થવાની ભીતી સેવાઈ રહી છે. અનાજને કમોસમી વરસાદથી બચાવવા માણસો કામે લાગ્યા હતા.અડદ પલળ્યાની જાણ ઉચ્ચ અધિકારીઓને થતાં તેઓ પણ મેઘરજ માર્કેટયાર્ડ ખાતે દોડી આવ્યા હતા અને કઠોળને વરસાદથી બચાવવા રાહત કાર્ય હાથ ધરાવ્યુ હતું અને તે અધીકારીઓએ જણાવ્યુ હતુ.

અધિકારી શુ કહે છે : - અડદને ઢાંકી દેવામાં આવ્યુ છે અને જે અડદને વરસાદથી વધુ નુકશાન ન થાય તે માટે મહેસાણાના નાંદીસણ ખાતે ટ્રાન્સફર કરવાનુ કાર્ય ચાલુ છે.

## રેખાબેન ચૌધરી ભાજપમાં આજે વિધિવત જોડાયા

કોગ્રેસના પ્રવકતા અને શંકરસિહ વાઘેલાના નજીકના એવા રેખાબેન ચોધરી આજે ભાજપમાં જોડાયા હતા. ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીએ આજે જાહેર મંચ પર કોગ્રેસના રેખાબેન ચોધરી સહિત સરપંચો અને ટેકેદારો સાથે કેસરિયો ધારણ કર્યો હતો. વરસાદના મોસમ વચ્ચે ભાજપે મહેસાણામાં સભા કરી હતી. જેમાં નીતિન પટેલ સહિત પ્રદેશ પ્રમુખે કોગ્રેસ સામે ચાબખા માર્યા હતા.

આજે સમગ્ર ગુજરાત નું વાતવાર બદલાયું છે જે જોતા ચુંટણીના માહોલમાં વરસાદે વિલનની એન્ટ્રી કરી હતી તેમ છતાં આજે મહેસાણામાં ભાજપનું સંમેલન યોજવામાં આવ્યું હતું. પ્રથમ મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા પરતું વરસે મિજાજ બગડતા સંખ્યા ઓછી થઈ ગઈ હતી પરતું વકતવ્ય સાંભળવા આતુર લોકોએ છત્રીના સહારે સભામાં હાજરી આપી હતી. જેમાં કોગ્રેશ પર જીતુ વાઘાણીએ અને નીતિન પટેલ દ્વારા ચાબખા મારવામાં આવ્યા હતા જેમાં રાહુલ ગાંધીની સભામાં સંખ્યા ખુબ ઓછી હોવાનું જણાવ્યું હતું જ્યારે સર્વેમાં ભાજપને સીટ ઓછી મળતી હોવાના અહેવાલમાં તેમણે નકારો કર્યો હતો



જ્યારે ડેપ્યુટી સિ.એમ.એ કોગ્રેસની વાતો એ દંભી નીતિ છે અને શંખ નાદ મહારાજ નામના ગુરુની વાત મૂકીને કોગ્રેસ પર પ્રહારો કર્યા હતા.

## પ્રાંતિજ સહિત જિલ્લામાં કમોસમી વરસાદ

પ્રાંતિજ, તા. ૫

પ્રાંતિજ સહિત જિલ્લામાં કમોસમી વરસાદ પડતાં હાલ તો ખેડૂતો સહિત ઈંટ ઉત્પાદકોની સ્થિત કફોડી થઈ છે. બીજીબાજુ લગ્નોત્સવની સિઝનમાં જ કમોસમી વરસાદ પડતાં લોકોમાં નિરાશા જોવા મળી છે.

જિલ્લા સહિત તાલુકામાં પડેલ કમોસમી વરસાદ પડતા ખેડૂતો ઈંટ ઉત્પાદકો ઉપર મોટી અસર જોવા મળી હતી. જેમાં ખેતીમાં મોઘા બિયારણો તથા ખર્ચ સહિતનો ખર્ચ હાલ તો માથે પડયો છે અને ફુલાવર, કોબીજ, કપાસના પાકને મોટુ નુકસાન થયું છે તો ઈંટ ઉત્પાદકોને પણ વરસાદને લઈને નુકસાની સહન કરવાનો વારો આવ્યો છે. બીજીબાજુ એક તરફ લગ્નની સિઝન ફુલબહાર ખીલી હોવાથી કમોસમી વરસાદ પડતાં હાલ તો રંગમાં ભંગ પડયો છે તો પાર્ટીપ્લોટોના બદલે બંધ હોલોમા જવાનો વારો આવ્યો છે. હાલ તો કમોસમી વરસાદને લઈને ખેડૂતો સહિત આમ આદમીની હાલત કફોડી બની છે.

## શેલ્બી લિમિટેડ એન્કર ઈન્વેસ્ટર્સને ૧૫૦ કરોડનાં ૬૦.૭ લાખ ઈક્વિટી શેરની ફાળવણી

### આવતીકાલે આઈપીઓ બંધ થશે : પ્રાઈઝ બેન્ડ ઇક્વિટી શેરદીઠ ૨૪૫ થી ૨૪૮

શેલ્બી લિમિટેડ (''કંપની'')એ એન્કર ઇન્વેસ્ટર્સને ઈક્વિટી શેરદીઠ રૂ. ૨૪૮ (અપર પ્રાઇઝ બેન્ડ પર)ની કિંમતે કુલ રૂ. ૧૫૦.૫૪ કરોડનાં ૬૦,૭૦,૧૫૦ ઈક્વિટી શેરની ફાળવણી કરવાનું નક્કી કર્યું છે. આ એન્કર ઈન્વેસ્ટર્સમાં સામેલ છે: ગોલ્ડમેન સાક્સ ઈન્ડિયા લિમિટેડ-૯૬૭,૭૪૦ ઈક્વિટી શેર (કુલ એન્કર બુકનો ૧૫.૯૪% હિસ્સો); સિટિગ્રૂપ ગ્લોબલ માર્કેટ્સ મોરેશિયસ પ્રાઈવેટ લિમિટેડ-૫૦૪,૦૬૦ ઈક્વિટી શેર (૮.૩%); એક્સિસ મ્યુચ્યુઅલ ફંડ ટ્રસ્ટી લિમિટેડ એકાઉન્ટ એક્સિસ મ્યુચ્યુઅલ ફંડ એકાઉન્ટ એક્સિસ સ્મોલ કેપ ફંડ-૨૮૨,૨૪૦ ઈક્વિટી શેર (૪.૬૫%); એક્સિસ ઈક્વિટી એડવાન્ટેજ ફંડ-સીરિઝ ૨ - ૪૦,૩૨૦ ઈક્વિટી શેર (૦.૬૬૪%); એક્સિસ મ્યુચ્યુઅલ ફંડ ટ્રસ્ટી લિમિટેડ એકાઉન્ટ એક્સિસ મ્યુચ્યુઅલ ફંડ એકાઉન્ટ એક્સિસ મિડકેપ ફંડ - ૨૪૧,૯૮૦ ઈક્વિટી શેર (૩.૯૯%); આઈઆઈએફએલ ઈન્ડિયા ગ્રોથ ફંડ - ૪૦૩,૨૬૦ ઈક્વિટી શેર (૬.૬૪%); રિલાયન્સ નિપ્પોન લાઈફ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ-૫૦૪,૦૬૦ ઈક્વિટી શેર (૮.૩ %); કોટક ફંડ્સ - ઈન્ડિયા મિડકેપ ફંડ-૮૦૬,૫૨૦ ઈક્વિટી શેર (૧૩.૨૯%); ઈન્ડગ્રોથ કેપિટલ ફંડ ૧ -૪૦૮,૬૦૦ ઈક્વિટી શેર (૬.૭૩ %); એચએસબીસી ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ ફંડ્સ-ઈન્ડિયન ઈક્વિટી-૯૬૨,૪૦૦ ઈક્વિટી શેર (૧૫.૮૬ %); નોમુરા સિંગાપોર લિમિટેડ-૩૦૩,૭૯૦ ઈક્વિટી શેર (૫ %); એવેન્ડસ એબ્સોલ્યુટ રિટર્ન ફંડ-૪૦૩,૨૬૦ ઈક્વિટી શેર (૬.૬૪%); એસબીઆઈ લાઈફ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ- ૨૪૧,૯૨૦ ઈક્વિટી શેર (૩.૯૯%).

કંપનીએ ૫ ડિસેમ્બર, ૨૦૧૭ને મંગળવારનાં રોજ પ્રીમિયમ સહિત કેશનાં બદલામાં રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતાં ઈક્વિટી શેર (''ઈક્વિટી શેર'')નો આઈપીઓ લાવવાની દરખાસ્ત રજૂ કરી છે. ઓફરમાં રૂ. ૪,૮૦૦ મિલિયન સુધીનાં નવા ઈક્વિટી શેર અને ડો. વિક્રમ શાહ (''વિક્રેતા શેરધારક'')નાં ૧,૦૦૦,૦૦૦ ઈક્વિટી શેરની ઓફર ફોર સેલ (ઓએફએસ) સામેલ છે. ઓફરમાં જાહેર જનતા માટે ઈક્વિટી શેરની નેટ ઓફર (''નેટ ઓફર'') અને લાયક કર્મચારીઓ માટે ૧૨૧,૦૦૦ ઈક્વિટી શેરનું રિઝર્વેશન સામેલ છે. ઓફર ૭ ડિસેમ્બર, ૨૦૧૭નાં રોજ બંધ થશે. એન્કર ઈન્વેસ્ટર બિડ/ઈશ્યૂનો ગાળો, જો કોઈ હશે, તો બિડ/ઈશ્યૂ ખુલવાની તારીખનાં એક ચાલુ દિવસનો રહેશે. ઓફરની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૨૪૫થી રૂ. ૨૪૮ નક્કી કરવામાં આવી છે. બિડ લઘુતમ ૬૦ ઈક્વિટી શેર અને પછી ૬૦ ઈક્વિટી શેરનાં ગુણાંકમાં થઈ શકશે. રેડ હેરિંગ પ્રોસ્પેક્ટ્સ ("આરએચપી") મારફતે ૨૪ નવેમ્બર, ૨૦૧૭નાં રોજ ઓફર થયેલા ઈક્વિટી શેરનું લિસ્ટિંગ બીએસઈ અને એનએસઈ પર થશે. ઓફરનાં બુક રનિંગ લીડ મેનેજર્સ ("બીઆરએલએમ") એડલવાઈસ ફાઈનાન્શિયલ સર્વિસીસ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ અને આઈઆઈએફએલ હોલ્ડિંગ્સ લિમિટેડ છે.



ડીસા સહીત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં ગત સાંજથી વાતાવરણમાં ઓચિંતા પલટા સાથે વરસાદી માહોલ સર્જાતા વાતાવરણમાં ઠંડીનું મોજુ ફરી વળ્યુ હતુ. દિવસભર વરસાદી માહોલ સાથે ઝરમરીયા શરૂ રહેતા લોકોની હાલત કફોડી બની જવા પામી હતી. વરસાદનું જોર વધતા ખેડૂતોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યુ હતુ. સોમવારની સાંજથી મંગળવારની મોડી રાત સુંધી ઝરમર ઝરમર વરસાદ યથાવત રહેવા પામ્યો હતો. લોકો ઠંડીથી બચવા ઘરો ઓફિસો અને દુકાનોમાં કેદ જોવા મળ્યા હતા અને માર્ગો સૂમસામ ભાસતા હતા.

### ભર શિયાળે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં હાલ ચાલી રહેલી માર્ગ સુધારણાની કામગીરી પણ ઠપ્પ થઈ ગઈ હતી. જ્યારે વિચિત્ર મોસમની અસર વચ્ચે લઘુત્તમ અને મહત્તમ તાપમાન એક સરખુ થઈ ગયુ હતુ. દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૧૯ ડી ગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૮ ડી ગ્રી નોંધાયુ હતુ. જયારે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ નોંધપાત્ર વધ્યુ હતુ. સવારે ૮૪ ટકા અને સાંજે ૯૮ ટકા ભેજ રહયો હતો. દિવસ દરમિયાન ૮ મી મી વરસાદ વરસ્યો હતો. જેના લીધે નગરજનોએ દિવસે પણ આકરી ઠંડીનો અહેસાસ કર્યો હતો. હજુ આજે પણ વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદ વરસે તેવી સંભાવના હવામાન વિભાગે વ્યકત કરી છે.

### વરસાદ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મહારાષ્ટ્રમાં ખતરો ટળી ગયો છે પરંતુ સુરતની તરફ આ ઓખી વાવાઝોડાની અસર દેખાઈ રહી છે. બચાવ કામગીરીમાં હજારો જવાન ગોઠવી દેવામાં આવ્યા છે. ઓખી વાવાઝોડાની અસરને ધ્યાનમાં લઈને સેન્ટ્રલ રેલવે દ્વારા ઈમરજન્સી સેલની રચના કરવામાં આવી છે. છત્રપતિ શિવાઝી ટર્મિનસ અને કલ્યાણ ખાતે ઈમરજન્સી સેલની શરૂઆત કરવામાં આવી છે. બ્રેક ડાઉનના સાધન પણ ગોઠવી દેવામાં આવ્યા છે.

### સીધો સંવાદ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળી ત્યારે પણ છેવાડાના ગામમાંથી દરેક સમાજના અગ્રણીઓના ફોન આવતા હતા. સાહેબ ટીકીટ લાવો જીત પાકી છે. લોકલાગણી સાથે છે. અમિત ચૌધરીએ પાટલી બદલી સુરેશભાઈને ટીકીટ મળે તો સારુ તેવો અવાજ પ્રજામાં ઉઠવા પામ્યો હતો.

**આ બેઠક પરથી કોંગ્રેસમાં ટીકીટ નહીં મળે તો કલોલમાં ભાજપમાંથી પણ ટીકીટ લેવા તૈયાર હતા તેવી વાત થતી હતી શુ કહેશો ?**

ના.. ના...એવુ નહીં.. લોકો એવુ કહેતા હતા. પક્ષે ૧૯૬૨ માં પણ મારા મોટાબાપાને ટીકીટ આપી હતી. અગાઉ લોકસભાની પણ મને ટીકીટ આપી હતી. પાર્ટીએ અત્યાર સુધી ચાર વાર ટીકીટ આપી છે. કોંગ્રેસે કાયમ મારી પસંદગી કરી છે. કોંગ્રેસ છોડવાનો પ્રશ્ન જ નથી.

**પાટીદાર આંદોલન ચાલે છે. ત્યારે અહીંના પાટીદારો કોની ફેવરમાં મતદાન કરશે ?**

પાટીદાર આંદોલન શરૂ થયુ નથી ત્યારબાદ જિલ્લા પંચાયતની ચુંટણીમાં જે સીટો પર કદી જીત મળતી ન હતી ત્યાં પણ વિજય થયો છે. પાટીદાર ફેકટરની હકારાત્મક અસર થઈ છે. હાર્દીકની સભા પછી પાટીદારોનો મુડ અલગ છે. સરકારને પાડી દેવી જોઈએ.

**ભાજપ ૧૫૦ પ્લસનો દાવો કરે છે. ગુજરાતમાં ચુંટણીના પરિણામ કોની ફેવરમાં હશે શા માટે ?**

એ તો બધી બકવાસ વાતો છે. ગમે તેવા સંજોગોમાં પણ કોંગ્રેસે ૬૦ થી ઓછી બેઠકો લીધી નથી. જી એસ ટી નોટબંધીના લીધે તમામ જ્ઞાતિઓ નારાજ છે. વેપારીઓમાં રોષ ... ધંધા ઠપ્પ થઈ ગયા છે આ બધા પરિબળો ભાજપને ઘરભેગી કરશે.

**માણસા બેઠક પર ૮ અપક્ષ ઉમેદવારો વોટ તોડશે ?**

હવે પ્રજા જાગૃત થઈ છે. અપક્ષને કોઈકે ઉભા રાખ્યા હશે..... સેટીંગ કરીને ઉમેદવારી કરતા હોવાથી વાસના લોકો પણ સ્વીકારવા તૈયાર નથી. જેથી અપક્ષ ઉમેદવારો મત તોડવામાં સફળ નહીં થાય.

### આફત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામા આવી છે.દરમિયાન તંત્ર દ્વારા કુલ મળીને ૮૯૦ પરિવારોના ૩,૩૬૦ લોકોને સલામત સ્થળે ખસેડવામા આવી છે આ સાથે જ એનડીઆરએફની ૬ જેટલી ટુકડી તૈનાત કરવામા આવી છે.બીજી તરફ આ વાવાઝોડાની અમદાવાદ ઉપર થનારી સંભવિત અસરને પહોંચી વળવા માટે થઈને અમદાવાદ મ્યુનિસિપલ ફાયરબ્રિગેડને એલર્ટ કરવામા આવ્યુ છે.

### અયોધ્યા મામલે

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ પહેલા ચીફ જસ્ટિસ દિપક મિશ્રાના નેતૃત્વમાં જસ્ટિસ અશોક ભૂષણ અને જસ્ટિસ અબ્દુલ નઝીરની ખાસ બેંચ સમક્ષ મામલાની સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સુનાવણી દરમિયાન સુન્ની વક્ફ બોર્ડ દ્વારા સુપ્રીમ કોર્ટથી સાત જજની બેંચ બનાવવા માંગ કરી હતી. કપિલ સિબ્બલે કહ્યું હતું કે, રામ મંદિરના કાયદાકીય સમાધાન શાસક પાર્ટીના ઘોષણાપત્રમાં સામેલ છે.

જો હાલમાં સુનાવણી થશે તો રાજકીય ભવિષ્ય ઉપર અસર થશે. આના ઉપર ચીફ જસ્ટિસ મિશ્રાએ કહ્યું હતું કે, બહાર શું થઈ રહ્યું છે તેની સાથે તેમને કોઈ લેવા દેવા નથી. આના ઉપર કોર્ટમાં શાસક અને વિપક્ષના વકીલો વચ્ચે અઢી કલાક સુધી જોરદાર ગરમાગરમી થઈ હતી. ત્યારબાદ કોર્ટે સ્પષ્ટતા કરી હતી કે, આ બેંચ મામલામાં સુનાવણી કરશે. કોર્ટે આગામી સુનાવણી માટે ૧૮મી ફેબ્રુઆરી ૨૦૧૮ની તારીખ રજૂ કરી હતી. બીજી બાજુ સુપ્રીમ કોર્ટે મામલા સાથે જોડાયેલા તમામ વકીલોને કહ્યું છે કે, કેસ સાથે સંબંધિત તમામ દસ્તાવેજોને પુરા કરી લેવામાં આવે જેથી મામલાની સુનાવણી ટાળી શકાય નહીં. સૌથી પહેલા શિયા વક્ફ બોર્ડ તરફથી દલીલો કરવામાં આવી હતી.